margdarshan
Understanding LIFE

જીવનના ૫૦ વરસ કામ કર્યું અને હવે વન પ્રવેશ બાદ જીવનસાથી તૃપ્તિ સંગાથે અત્યાર સુધી ન કરેલા કામ શીખીને નવો અનુભવ મેળવી રહ્યો છું. સવારે ૬ થી રાત્રે ૧૦ દરમ્યાન ઇન્ટરનેટ પર અખિલ ટીવી અને અખિલ રેડિયો દ્વારા લોકોના વિચાર તેમના જ અવાજમાં વિશ્વભરના ગુજરાતીઓ માટે પ્રસ્તુત કરીને સંતોષ તેમજ આનંદ પામીએ છીએ ઇન્ટરનેટની દુનિયામાં આમ તો ૧૦–૧૨ વરસથી છબછબિયાં કરતો રહ્યો છું. હવે છેક ચસ્કો ચડયો છે એમ તો નહિ પણ મોજ જરૂર પડે છે. પાસપોર્ટ વગર મારા જ ઓરડામાંથી મારી જ ખુરશીમાં બેસીને તૃપ્તિએ બનાવી આપેલ ચા પીતા પીતા વર્ચુઅલ વિશ્વસફરે જવાની મજા જ કંઇ ઓર છે. અજાણ્યા વિષયોને અપરિચિત લોકો સાથે પરિચય કેળવીને જાણવાનો આ અનુભવ મને ખરેખર યોગ્ય ઉંમરે જ થઇ રહ્યાનું લાગે છે અને હવે શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓના સહયોગ દ્વારા બાળકો, યુવાનો અને મહિલાઓ માટે નિઃશુલ્ક ફિલ્મ શોનું આયોજન/સંચાલન કરીએ છીએ.

કોમપ્યુટર અને ઇન્ટરનેટની દુનિયામાં જેમને મળવાનું થયું જેમની સાથે પરિચય થયા તે બધાને રૂબરૂ મળવાની ઇચ્છા પણ જાગ્રત થવા લાગી. જે ધરતી પર આપણે જન્મ લીધો, જયાં આપણે રમ્યા, ભણ્યા, ગણ્યા અને મોટા થયા, સંસ્કાર પામ્યા, સંસારી થયા, સમજણા થયા ત્યારેસ્તો ગુજરાતી તરીકે ઓળખાવાનું ગૌરવ પણ અનુભવી શક્યા, વિચારતા થયા અને વિકાસ સાધી શક્યા એવી ગુજરાતની ધરતી પર રહેતા અન્ય ગુજરાતીઓને મળવાનો અવસર કેમ ઊભો ના કરી શકાય ? વળી મોટા શહેરની મુલાકાત તો સૌ લે, પણ અમને થયું કે એવું ગુજરાત જોઇએ જયાં આપણે કદી ગયા જ ના હોઇએ અને આમાંથી વિચાર ઉદભવ્યો ગુજરાત યાત્રાનો ! ગુજરાત રાજયની દક્ષિણે, પૂર્વે અને ઉત્તરે પાડોશી રાજયની સરહદે અંતરિયાળ ક્ષેત્રના આદીવાસી વિસ્તારમાં થઇ અરબી સમુદ્રને કાંઠે વસેલ ગ્રામ્ય અને શહેરી વિસ્તારનો પ્રવાસ કરવો અમે નકશો લઇને નક્કી કરી લીધા નેવું સ્થળ સમગ્ર પ્રવાસ આશરે 5250 કિ.મી.નો થશે. બાળકો, યુવાનો અને મહિલાઓને અમે નિર્માણ કરેલ પ્રેરણાદાયી વિડિયો ફિલ્મ દ્વારા જીવનોપયોગી માર્ગદર્શન આપવું એમ વિચારીને એક પંથ અને બે કાજની યોજના ધીમે ધીમે આકાર લેવા માંડી.

ગુજરાત અને ગુજરાતીઓ વીશે ઘણી બધી જગ્યાએ ઘણા બધા લોકોએ ઘણું બધું લખ્યુંછે, અને ઘણી બધી તસવીરો પણ ખેંચી છે. એટલે મારે એમાં વધારો નથી કરવો પણ .. હા, પ્રત્યેક મળનાર ગુજરાતીને અનુભવવા જરૂર છે. તેમની બદલાતી બોલી, રીતરીવાજ, રહેણી કરણી, પરંપરા, પહેરવેશ, વ્યવસાય, સંસ્કૃતિ, ઉત્સવોની ઉજવણી, આહાર, આચાર અને વિચાર જાણવા છે .. જોવા છે.. જીવી જોવા છે. તેમને કોઇક રીતે કામ આવવું છે આટલા વર્ષોમાં મને થયેલા અનુભવને આધારે તેમને મારાથી આપી શકાય તેવું અને તેટલું માર્ગદર્શન આપવું છે ખાસ કરીને બાળકો, યુવાનો અને મહિલાઓને. તદ્દન નિઃશુલ્ક. જન્મથી જીવનના અંત સુધી માનવીને ડગલેને પગલે બાલ્યાવસ્થા, તરુણાવસ્થા, મુગ્ધાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા તેમજ પ્રૌઢાવસ્થા દરમ્યાન માર્ગદર્શન વગર ન ચાલે. મારુ માનવુ છે કે, માર્ગદર્શન મેળવવાની ઇચ્છા હોવી અનિવાર્ય છે. એટલે જીવનને જાણવા, જીવવા, જીતવા અને માણવા અંગે તમને અઘરા લાગતા સવાલના મને મળી આવેલા સહેલા જવાબ આપવા અમે કાર્યક્રમ તૈયાર કર્યો – ફયુચર ઓફ ઇન્ડીયા ( Transforming the Nation ) જેની રૂપરેખા અને આયોજનલક્ષી વિગતો આ સાથે મોકલી છે.

**અખિલ સુતરીઆ ( મો – ૯૪૨૭૨૨૨૭૭૭)**

---

# ફ્યુચર ઓફ ઇન્ડીયા

## Transforming the Nation

આધૂનિક પધ્ધતિથી તૈયાર કરવામાં આવેલ અને મલ્ટીમીડીયા તેમજ પ્રેરણાદાયી વિડિયો ફિલ્મ આધારીત આ એવો નિ:શુલ્ક કાર્યક્રમ છે કે જે દ્વારા કોલેજમાં ભણતા યુવાનોનું એવી યુવાશક્તિમાં રૂપાંતર થાય કે જેમના મનમા થનગનાટ, તનમાં તરવરાટ, દિલમાં પ્રેમ અને દિમાગમાં સ્વપ્ના સાકાર કરવાની તમન્ના હોય જેથી ભવિષ્યના ભારતને વર્તમાનની તુલનામાં વધુ સુવ્યવસ્થિત, સલામત, સુરક્ષિત અને સમૃધ્ધ બનાવી શકાય. પ્રગતિ માટે પ્રેરણા અને પ્રશિક્ષણ દ્વારા પરિવર્તનશીલ બનવું હ્વે અનિવાર્ય છે.

ભારત આપણો દેશ છે. ભારતના ભવિષ્યનો આધાર આપણી આજની વિચારધારા અને વર્તમાન વ્યવસ્થા પર છે. ભૂતકાળના પ્રસંગો અને અનુભવોને આધારે આજની વણસતી જતી પરિસ્થિતિને જો અંકુશમાં લેવાનું કામ આપણે આજે નહિ કરીએ તો પ્રગતિને આડે આવતા અવરોધો નીચે કચડાઇ જશું. વિકાસશીલ રાષ્ટ્રના નાગરિક તરીકે આપણે પ્રગતિ તો કરવાની જ છે, પણ સાથે સાથે તમામ અવરોધો અને ભ્રષ્ટ વ્યવસ્થાને પણ દુરસ્ત કરવાની છે.

## કાર્યક્રમની રૂપરેખા.

### ચર્ચા, ચિંતન અને અમલીકરણ

| | |
|---|---|
| માનવ જીવનના મૂળભૂત મૂલ્યો | ભારતિય સંસ્કૃતિ અને તેનો વારસો |
| સરળ અને સ્વાભાવિક જીવન | સંતોષ અને આનંદ સભર જીવન |
| બૌદ્ધીક અને માનસિક શક્તિ | ભાવનાત્મક અને આદ્યાત્મિક શક્તિ |
| ધાર્મિકતા અને રાષ્ટ્રીયતા | આધુનિકતા અને આદ્યાત્મિકતા |
| આવડત અને કૌશલ્ય | પરિણામ અને પરિશ્રમ |
| વૃધ્ધિ અને વિકાસ | સંકલન અને સમન્વય |
| વહિવટી તંત્ર અને તેની કામગીરી | વ્યવહાર અને વ્યવસ્થા |
| નીતિ અને નિષ્ઠા | નીડરતા, નિર્ભયતા અને નમ્રતા |

### ચર્ચા, ચિંતન અને અમલીકરણ માટે મધ્યવર્તી વિચાર

૧. અંગત, સામાજીક અને વ્યાવસાયિક જીવનનું સમતોલન

૨. પારિવારિક અને સામાજીક સમસ્યાઓ અને તેના ઉકેલ.

૩. જાહેર જીવન અને વ્યાવસાયિક સમસ્યાઓ અને તેના ઉકેલ.

## તાલીમ પધ્ધતિ

| | | |
|---|---|---|
| સ્થાનિક ચર્ચા સભા | જૂથ ચર્ચા | પુસ્તકો અને મલ્ટીમીડીયા ઉપકરણો |
| પ્રત્યક્ષ પરિચય અને મુલાકાત | વિડિયો ફિલ્મ | પ્રશ્નોત્તરી. |

## કાર્યક્રમના આયોજન અને સંચાલન અંગે

- અમે અમારા પ્રોજેક્ટર, પ્રોજેક્શન સ્ક્રીન, લેપટોપ, સીડી પ્લેયર, કનેક્શન વાયર, સ્પીકર, માઇક અને ઇલેક્ટ્રીકલ એક્ષટેન્શન બોર્ડ અને અન્ય એસેસરીઝ સાથે પેટ્રોલ અને સી.એન.જી પર ચાલનારી મલ્ટી મીડીયા મોબાઇલ વાન દ્વારા વલસાડથી આવીને તમારી કોલેજના યુવાનોને લાભ આપીશું.

- અમારો સફેદ પડદો બાંધી આપવાની સગવડ રાખવાની રહેશે.

- જો બેઠક વ્યવસ્થા ભારતિય હોય તો પ્રોજેક્ટર મૂકવા માટેનું ટેબલ જમીનથી ૧૮ ઇન્ચ ઊચાઇનું અને પડદાથી ૧૫ ફૂટ દૂર રાખવું.

- જો બેઠક વ્યવસ્થા ખુરશીમાં હોય તો પ્રોજેક્ટર મૂકવા માટેનું ટેબલ જમીનથી ૩૦ ઇન્ચ ઊચાઇનું અને પડદાથી ૧૫ ફૂટ દૂર રાખવું.

- અમારા રાત્રી રોકાણ, નિવાસ અને ભોજનની વ્યવસ્થા કોઇ પણ એક શાકાહારી પરિવાર સાથે જ કરવા વિનંતી ( હોટલ કે ધર્મશાળા કરતાં કોક અપરિચિત પરિવાર સાથે પરિચય કેળવવાનું વધારે ગમે છે. )

- સ્વાગત, પરિચય કે આભારવીધી તેમજ ભેટ, મેમેન્ટો કે પુષ્પગુચ્છ સ્વીકારવાથી દૂર જ રહીએ છીએ

- અમારી મારૂતિવાન માટે જરૂરીઆત મુજબ આવવા – જવાનું બળતણ, તમારી સાથે સાદું રોકાણ, સાત્વિક ભોજન અને આત્મિય મહેમાનગતિ એ જ અમારું મહેનતાણું.

- તમે કે તમારી સંસ્થા આ કાર્યમાં સહભાગી થવા સ્વૈચ્છિક આર્થિક અનુદાન આપશો તો તે આ નિઃશુલ્ક અભિયાનને આગળ ધપાવવા જરૂરી પેટ્રોલ અને સી.એન.જી ખરીદવા તેમજ સંદેશ વ્યવહાર માટે અમને ઉપયોગી થઇ પડશે.

આ ઉપરાંત જો કોઇ વધારાની માહિતી જે જાણકારીની જરૂર હોય તો અમારો સંપર્ક વીના સંકોચ કરજો

અખિલ સુતરીઆ

**Margdarshan Learning Systems**
202, Pooja, Tithal Road, Valsad – 396 001. ટેલિફોન – 02632 243474 / 240842
akhilsutaria@gmail.com www.akhiltv.com